તા.૨૩.૦૨.૨૦૨૬

## બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર હંગામી પરીણામ (Provisional Result)

જાહેરાત ક્રમાંકઃ GPRB/202324/1 અન્વયે બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની દસ્તાવેજ ચકાસણી કામગીરી તા.૦૫.૦૨.૨૦૨૬ થી તા.૧૦.૦૨.૨૦૨૬ દરમ્યાન હાથ ધરવામાં આવેલ.

૨/- જાતિ અંગેના પ્રમાણપત્રમાં SC અને SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા વેરીફીકેશન કામગીરીની પ્રક્રિયા હાલ ચાલુ છે.

૩/- અમુક ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયેલ છે બાકીના ઉમેદવારોની ચકાસણીની કામગીરી હાલ ચાલુ છે. જેથી બાકી રહેલ ઉમેદવારોના સંબંધિત વિભાગ ધ્વારા આ પ્રમાણપત્ર માન્ય કે અમાન્ય ગણવા નિર્ણય કરવામાં આવ્યેથી તેઓને તે કેટેગરીનો લાભ મળવાપાત્ર છે કે કેમ? તેના આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૪/- **કામચલાઉ અને હંગામી પસંદગી યાદી (Provisional Selection List)** ભરતી બોર્ડ દ્વારા બહાર પાડવા નિર્ણય લીધેલ છે. આ યાદીના આધારે પસંદગી માટેનો કોઇ હક દાવો રહેશે નહીં.

(A) **કામચલાઉ અને હંગામી પસંદગી યાદીમાં** સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...

(B) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ તથા તા.૧૦/૧૨/૨૦૧૮ ના સરખા ઠરાવ ક્રમાંકઃ પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા મુજબ **કામચલાઉ અને હંગામી પ્રતિક્ષા યાદીમાં** સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો....

(C) **કામચલાઉ અને હંગામી પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા** ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...

૫/- આ કામચલાઉ પસંદગી યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

| Category | MALE | FEMALE | Ex-serviceman (જે તે કેટેગરીના છેલ્લા માજી સૈનિક ઉમેદવારના ગુણ) |
|---|---|---|---|
| GENERAL | 229.75 | 216.25 | 128.25 |
| EWS | 227.75 | 211.25 | 135.00 |
| SC | 221.75 | 209.25 | 154.00 |
| SEBC | 225.25 | 211.25 | 166.50 |
| ST | 206.25 | 189.25 | - |

૬/ આ કામચલાઉ પ્રતિક્ષા યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 225.75 | 210.75 | - |
| EWS | 225.25 | 209.75 | - |
| SC | 220.00 | 208.75 | - |
| SEBC | 224.50 | 210.00 | - |
| ST | 205.00 | 187.75 | - |

૭/ આ કામચલાઉ અને હંગામી પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની **ખાલી જગ્યાઓ ધ્યાને લઇ મેરીટ મુજબ પસંદગી યાદી તૈયાર** કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હોય ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(એ) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવેલ છે, જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(બી) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ છે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

૮/ ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે. જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૯/ સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૦/ આ કામચલાઉ અને હંગામી યાદી અંગે કોઇ રજુઆત હોય તો ઉમેદવાર **તા.૨૮.૦૨.૨૦૨૬ ના સાંજના કલાકઃ ૧૭.૩૦ વાગ્યા સુધીમાં** ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉદ્યાન નજીક, સેકટર-૦૯, ગાંધીનગર-૩૮૨૦૦૭ મુકામે જરૂરી આધાર પુરાવા સહિત રૂબરૂ આવી અરજી કરી શકશે. અન્ય કોઇપણ રીતે કરવામાં આવેલ અરજી અથવા તારીખ/સમય વિતી ગયા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.